ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૫ તા. ૧૨.૦૪.૨૦૧૯

-----------

**જેમની માતાએ આખું જીવન ૧૦X૧૦ ની ઓરડીમાં વિતાવ્યું હોય,**
**જેમનો પરીવાર આજે એક સામાન્ય નાગરિકની જેમ જીવન ગુજારતો હોય**
**એવા શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રમાણિકતા અને નિષ્ઠા ઉપર પ્રશ્ન ઉઠાવતી કોંગ્રેસને શરમ આવવી જોઈએ**
**- શ્રી જીતુભાઈ વાઘાણી**

-----------

**કોંગ્રેસ અને પાકિસ્તાનને હું અલગ માનતો નથી બંને એક જ છે. પાકિસ્તાન પણ પુરાવા માંગે છે અને કોંગ્રેસ પણ પુરાવા માંગે છે. આ ચૂંટણી દેશદ્રોહીઓ વિરુધ્ધ દેશભક્તોની છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

-----------

**જે લોકો કશ્મીરને ભારતથી અલગ કરવાની મહેચ્છા ધરાવે છે તેવા લોકોને કોંગ્રેસ સમર્થન આપી રહી છે**
**- શ્રી જીતુભાઈ વાઘાણી**

-----------

**કશ્મીરમાંથી સેના હટાવવાની અને જવાનોને મળેલા અધિકારો રદ કરવાની વાત કરીને કોંગ્રેસ કોને પીઠબળ પુરું પાડવા માંગે છે ? - શ્રી જીતુભાઈ વાઘાણી**

-----------

આજે કચ્છ લોકસભા અંતર્ગત અધોઈ ખાતે જાહેરસભાને સંબોધતા પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ અને ભાજપામાં ખૂબ મોટો તફાવત છે. ભાજપાએ સંગઠનના કાર્યકર્તાઓના આધાર પર જનસેવા માટે રાજનીતિમાં છે, જ્યારે કોંગ્રેસ સત્તાના સ્વાર્થ માટે જ રાજકારણમાં છે. મતદારોનું ભાજપા સાથે અને ભાજપાનો સરકાર સાથેનો સમન્વયનો શ્રેય તમામ પાયાના કાર્યકર્તાઓને જાય છે.

આજે ભાજપાના કાર્યકર્તાઓના પરિશ્રમથી કેન્દ્ર અને રાજ્યની સરકારો દ્વારા અમલમાં મુકાયેલી જનકલ્યાણકારી યોજનાઓ અને તેની માહિતી જનજન સુધી પહોંચી છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કચ્છમાં ભાજપા જ જીતશે અને કચ્છની જનતા ભાજપાના ઉમેદવારને પ્રચંડ સમર્થન આપશે તે બાબત નિર્વિવાદ છે. અહીં હું જીતાડવાની અપીલ કરવા નહીં પણ ફક્ત કચ્છના લોકોને મળવા માટે જ આવ્યો છું.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાનું સર્વસ્વ જીવન માતૃભૂમિ માટે સમર્પિત કરી દીધું છે. જેમની માતાએ આખું જીવન ૧૦X૧૦ ની ઓરડીમાં વિતાવ્યું હોય, જેમનો પરીવાર આજે એક સામાન્ય નાગરિકની જેમ જીવન ગુજારતો હોય એવા શ્રી નરેન્દ્રભાઈની પ્રમાણિકતા અને નિષ્ઠા ઉપર પ્રશ્ન ઉઠાવતી કોંગ્રેસને શરમ આવવી જોઈએ. શરમની વાત એ છે કે જેઓએ બાળપણથી જ ગરીબી જોઈ નથી મોટા રાજઘરાનામાં જન્મ લીધો છે તેવા લોકો આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપર પાયા વગરના જુઠ્ઠા આરોપો લગાવી રહ્યા છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની વિદેશનીતિના સરાહના કરતાં શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જાપાન, ચીન, ઇઝરાયેલ, રશીયા, અમેરિકા સહિતના અનેક દેશોમાં જઇને ભારતના હિતની વાત કરી છે તેમજ ભારતના સાંસ્કૃતિક વારસાને વિશ્વસ્તરે ઓળખ આપી છે. ભૂતકાળમાં જ્યારે દેશના પ્રધાનમંત્રીઓ વિદેશમાં જતા તો તેમની કોઇ નોંધ લેતું નહોતુ

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ અને પાકિસ્તાનને હું અલગ માનતો નથી બંને એક જ છે. પાકિસ્તાન પણ પુરાવા માંગે છે અને કોંગ્રેસ પણ પુરાવા માંગે છે. આ ચૂંટણી દેશદ્રોહીઓ વિરુધ્ધ દેશભક્તોની છે. જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી વિદેશ પ્રવાસે જતા હતા ત્યારે કોંગ્રેસ દ્વારા એને મજાકનો વિષય બનાવવામાં આવતો. પરંતુ વૈશ્વિક કક્ષાએ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસાવેલા સંબંધોનું પરિણામ આપ સૌએ જોયું છે. જ્યારે આતંકીઓએ સૈન્યના જવાનો પર હુમલો કર્યો ત્યારબાદ ગણતરીના કલાકોમાં જ શ્રી નરેન્દ્રભાઈએ સૈન્યને કહ્યું હતું કે, આ હુમલાના જવાબ માટે સમય-સ્થળ-પધ્ધતિ તમારી રહેશે અને ત્યારબાદના પરિણામોની જવાબદારી અમારી. ત્યારબાદ આપણા સૈન્યએ પાકિસ્તાનમાં ઘુસીને એરસ્ટ્રાઈક કરીને આતંકી કેમ્પોનો સફાયો કર્યો હતો. આ જ કોંગ્રેસ કશ્મીરમાંથી સેના હટાવવાની અને જવાનોને મળેલા અધિકારો રદ કરવાની વાત કરીને કોને પીઠબળ પુરું પાડવા માંગે છે ? તેનો જવાબ જનતા જાણે છે.

શ્રી વાઘાણીએ હાકલ કરતાં જણાવ્યુ હતુ કે, ન જાતિવાદ, ન ધર્મવાદ, ન પ્રાંતવાદ માત્રને માત્ર ભારતવાદ અને રાષ્ટ્રવાદને પ્રાધાન્ય આપી માં ભારતીને પરમ વૈભવના શિખરે લઈ જવામાં, નવા ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થઈએ.

આ જનસભામાં કચ્છ લોકસભા બેઠકના ભાજપા ઉમેદવાર શ્રી વિનોદભાઇ ચાવડા, પ્રદેશ અગ્રણીશ્રીઓ, કચ્છ જીલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, જીલ્લા-તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, જીલ્લા-તાલુકાના ભાજપા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, વિવિધ સહકારી સંસ્થાઓના આગેવાનો, વિવિધ સમાજના આગેવાનો, કાર્યકર્તાઓ અને વિશાળ સંખ્યામાં જનસમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૬ તા. ૧૨.૦૪.૨૦૧૯

-----------

## કોંગ્રેસનાં શાસનમાં ૧,૭૬,૦૦૦ કરોડનો ભ્રષ્ટાચાર થયો જે આપણને લખતા પણ ન આવડે કે કેટલા મીંડા આવે તેની સમાજ પણ ન પડે - શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

## ભાજપા રાષ્ટ્રવાદ અને દેશહિત સિવાય કશું જ વિચારતી નથી.

### જ્યારે કોંગ્રેસ માત્ર પરિવારવાદનું જ વિચારે છે - શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

## આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને વિકાસના રાજમાર્ગ પર લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. સૌથી મોટી વાત એ છે કે, પાંચ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ભ્રષ્ટાચારની સહેજ પણ બદબૂ આવી નથી - શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

## કોંગ્રેસનાં શાસનમાં કૌભાંડો, હતાશા, નિરાશા, અરાજકતા, આતંકવાદી હુમલાઓ તથા પોલીસી પેરાલીસીસને લીધે ભારતની પ્રતિષ્ઠાનું વિશ્વમાં ધોવાણ થયું હતું - શ્રી વિજયભાઈ રૂપાણી

-----------

આજરોજ અમરેલી લોકસભા વિસ્તારના મહુવા ખાતે માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિશાળ જાહેરસભાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આ વખતની ચૂંટણીની વિશેષતા કંઈક એવી છે કે, એક મંચ પર ચોરો ભેગા થઈને શોર મચાવે છે તો બીજી બાજુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ચોકીદાર બનીને દેશની જનતાના પરસેવાની કમાણીની ચોકી કરી રહ્યા છે. મનમોહન સિંહની સરકારમાં દસ વર્ષમાં એટલો બધો ભ્રષ્ટાચાર થયો કે, વિદેશમાં આપણી ગણના એક ભ્રષ્ટ દેશ તરીકે થવા લાગી હતી. કોંગ્રેસનાં શાસનમાં ૧,૭૬,૦૦૦ કરોડનો ભ્રષ્ટાચાર થયો જે આપણને લખતા પણ ન આવડે કે કેટલા મીંડા આવે તેની સમાજ પણ ન પડે. આ કૌભાંડોમાં યુપીએ સરકારના ૧૨ મંત્રીઓને જેલના દરવાજા બતાવી દીધા હતા. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી પણ હાલ જામીન ઉપર છે.

આ વખતની ચૂંટણી રાષ્ટ્રવાદ અને પરિવારવાદ વચ્ચેની છે. ભાજપા રાષ્ટ્રવાદ અને દેશહિત સિવાય કશું જ વિચારતી નથી. તો કોંગ્રેસ માત્ર પરિવારવાદનું જ વિચારે છે. પરિવારવાદને કારણે દેશનો વિકાસ બિલકુલ થયો ન હતો. માત્ર એક જ પરિવારનો વિકાસ થયો હતો. આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને વિકાસના રાજમાર્ગ પર લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. સૌથી મોટી વાત એ છે કે પાંચ વર્ષમાં શ્રીનરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ભ્રષ્ટાચારની સહેજ પણ બદબૂ આવી નથી. વિપક્ષોનો એક જ પોઈન્ટનો પ્રોગ્રામ છે મોદી હટાવો... મોદી હટાવો.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




આ ચૂંટણી રાજકીય સ્થિરતા અને અસ્થિરતાની છે. શ્રીનરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ આજે વિશ્વ પણ સ્વીકારે છે. રાજકીય સ્થિરતાથી દેશનો વિકાસ થાય છે જ્યારે અસ્થિરતાથી દેશ પાછો ધકેલાઈ જાય છે. કોંગ્રેસ સરકારે માત્ર મત મેળવવા માટે લઘુમતીઓનું તૃષ્ટીકરણ કર્યું છે. આસામ અને બંગાળમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો માટે લાલજાજમ બિછાવનારી આ જ કોંગ્રેસ છે. જ્યારે આપણે નાગરિકતા સંશોધન વિધેયકથી ઘૂસણખોરોને દેશમાંથી તગેડી મૂકવા તત્પર છીએ. આતંકવાદી હુમલા બાદ જ્યારે આપણી સેનાએ પાકિસ્તાન પર સર્જીકલ સ્ટ્રાઈક કરી ત્યારે આખા દેશમાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો પરંતુ, માત્ર બે જગ્યાએ માતમ મનાવવામાં આવ્યો હતો, એક પાકિસ્તાનમાં અને બીજુ કોંગ્રેસ અને ઠગબંધનમાં. ભારત દેશ આતંકવાદ થી મુક્ત બને તેની સાથે આતંકવાદીઓ આપણા દેશ તરફ આંખ ઉઠાવીને જોવાની હિંમત ન કરે તેવું ભારત બનાવવાનું શ્રીનરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે જેને આપણે સૌએ સાકાર કરવાનું છે.

કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં ૩૭૦ની કલમ યથાવત રાખવાની વાત કરવામાં આવી છે, જ્યારે આખો દેશ ઈચ્છે છે કે ૩૭૦ની કલમ નીકળવી જોઈએ. ત્રાસવાદીઓનો ખાતમો કરનાર એક તરફ છે અને બીજી તરફ ત્રાસવાદીઓને બિરીયાની જમાડનારા છે. સરદાર પટેલ હોત તો ૩૭૦ની કલમ ન હોત અને કાશ્મીરની સમસ્યા પણ ન હોત. આ સમસ્યા માત્રને માત્ર જવાહરલાલ નેહરુની અણઆવડતને કારણે પેદા થઈ છે. કોંગ્રેસનાં નવજોતસિંઘ સિદ્ધુ પાકિસ્તાન જઈને નૌટંકી કરે છે, સામ પિત્રોડાને પાકિસ્તાનનું પેટમાં બળે છે, જે.એન.યુ.ની ટુકડે ટુકડેવાળી ગેંગના સપોર્ટમાં રાહુલ ગાંધી ઉભા રહ્યા હતા. આ લોકો શું કરવા બેઠા છે તેની ખબર પડતી નથી. શ્રીનરેન્દ્રભાઈ મોદીએ પાકિસ્તાનને વિશ્વમાંથી અલગ પાડી દીધું છે. કાશ્મીરના અલગાવવાદી નેતાઓ પર કડક કાર્યવાહી કરીને યાસીન મલિક જેવા નેતાને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. રામમંદિર ભાજપ જ બનાવશે અને તે પણ અયોધ્યામાં જ. કોંગ્રેસ તેમાં ભલે ગમે તેટલા રોડા નાખે કે કોર્ટમાં મુદત ઉપર મુદત માગે.

ગુજરાત સરકારે 8.5 હજાર કરોડ રૂપિયાના કૃષિ ઉત્પાદનોની સીધી ખરીદી કરી છે. ૨૯૦૦ કરોડ રૂપિયા પણ ખેડૂતોને ચૂકવાઈ ગયા છે. કોંગ્રેસે ખેડૂતોને 16 ટકાના વ્યાજે લોન આપી હતી, જ્યારે ભાજપ સરકાર ઝીરો ટકાના દરથી ખેડૂતોને લોન આપે છે. ભાજપાએ જન ધન યોજના હેઠળ 32 કરોડ લોકોના બેંકમાં ખાતા ખોલાવી ખૂબ જ ઉમદા કામ કર્યું છે. કોંગ્રેસ માત્ર વાયદા કરે છે અમે તો નક્કર કાર્ય કરીને બતાવીએ છીએ. ચાલો ફરી એકવાર ગુજરાતના સપૂત એવા શ્રીનરેન્દ્રભાઈ મોદીને જંગી બહુમતીથી જિતાડવાનો નિર્ધાર કરીને ૨૩, એપ્રીલના રોજ અભૂતપૂર્વ મતદાન કરીને ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર કમળ ખીલવીએ.

મા.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની જાહેરસભામાં અમરેલી લોકસભાના ઉમેદવાર શ્રી નારણભાઈ કાછડીયા, જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી/મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યો, નગરપાલીકા પ્રમુખશ્રી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી, ભાજપાના કાર્યકર્તાઓ તેમજ વિશાળ સંખ્યામાં પ્રજાજનો હાજર રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ